કેસ દાખલ કર્યા તા.૦૨/૧૨/૨૦૨૪

કેસ રજી. કર્યા તા.૦૨/૧૨/૨૦૨૪

કેસ ફેંસલ કર્યા તા.૧૬/૦૬/૨૦૨૬

અવધિ : વર્ષ–૦૧, માસ–૦૬, દિવસ–૧૪

**મહે. એડીશનલ ચિફ જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. સાવરકુંડલા, જિ. અમરેલી.**

**ફોજદારી કેસ નં. : ૧૨૧૯/૨૦૨૪**

**આંક –**

**ફરીયાદી** : **શ્રી સરકાર**

વિરૂધ્ધ

**આરોપી** : **મુકેશભાઇ જીવણભાઇ દેંગડા,**

ઉ.વ. ૪૧, ધંધો–પેઇન્ટર.,

રહે. જેજાદ, તા. સાવરકુંડલા જી. અમરેલી

---

**ગુનો : ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એટકની કલમ–૧૩૫ મુજબ**

ફરીયાદપક્ષ તરફે વિ.સરકારી વકીલશ્રી હાજર ન હોય નામદાર કોર્ટ દ્વારા.

બચાવપક્ષ તરફે વિ.વકીલ શ્રી એ.એમ.રાઠોડ.

---

**–:: ચુકાદો ::–**

[૧] ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના મજકૂર આરોપી પોતાની ફોરવ્હીલ ગાડીમાં જોર જોરથી હોર્ણ મારતા હોય જેથી ફરીયાદીએ આરોપીને ઠપકો આપતા આરોપીને સારૂ નહી લાગતા ફરીયાદીને ગાળો આપી ડાબા હાથના ભાગે લોખંડની પાઇપ વડે મુંઢ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.અધીક જિલ્લા મેજી.સાહેબશ્રી અમરેલીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનું ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજૂ કરેલ છે.

[૨] મજકૂર આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુનાનું ચાર્જશીટ અત્રેની નામદાર કોર્ટમાં દાખલ થયા બાદ મજકૂર આરોપીઓને ધોરણસર સમન્સની બજવણી થયેલ છે. મજકૂર આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતાં, તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૩૦ મુજબ તપાસનાં કાગળોની નકલો વિનામુલ્યે મળી ગયા અંગેની ખાતરી કર્યા બાદ આંક–૦૫ થી તહોમતનામું ઘડવામાં આવેલ છે અને આંક–૦૬ થી આરોપીના નિવેદનો નોંધવામાં આવેલ છે. મજકૂર આરોપીએ ગુનાનો ઇન્કાર કરતાં કામ ફરીયાદ પક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

[૩] આ કામે આરોપીઓ વિરૂધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરીયાદી-ખુશાલભાઇ લાલજીભાઇ દેંગડાની જુબાની |

**-: દસ્તાવેજી પુરાવો :-**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરીયાદીએ નોંધાવેલ ફરીયાદની નકલ (જૂબાનીથી દાખલ) |
| ૨ | ૧૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું (કબુલાતથી દાખલ) |
| ૩ | ૧૩ | આરોપીનું અટક અંગેનું પંચનામું (કબુલાતથી દાખલ) |
| ૪ | ૧૪ | હથિયારબંધીનું જાહેરનામુ |
| ૫ | ૧૫ | એમ.એલ.સી.સર્ટીની ખરી નકલ |

[૪] આ કામે ખટલા દરમ્યાન તમામ પક્ષકારો વચ્ચે નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ હોવાની બાબત નામદાર કોર્ટના ધ્યાન ઉપર લાવવામાં આવેલ છે. જેના અનુસંધાનમાં સદર કેસના પક્ષકારો દ્વારા આંક-૦૯ થી સમાધાન પુરશીસ તથા ફરીયાદી અને તમામ સાહેદો દ્વારા પોતે પુરાવો બંધ જાહેર કરવાની આંક-૧૬ થી પુરશીસ રજૂ રાખવામાં આવેલ છે. ઉપરોક્ત ચર્ચા અનુસાર કેસની હકીકતોથી સુપેરે માહીતગાર એવાં ફરીયાદપક્ષે વિ.એપીપીશ્રી હાજર ન હોય વધુ પુરાવો આપવો નથી તથા તેમનો પુરાવો પુરો થયેલાની હકીકત મૌખિક રીતે જાહેર કરતાં, સદર કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૧ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવા યોગ્ય પૂરતો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોઇ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ નથી. ત્યારબાદ, સરકાર પક્ષ તરફે વિ.એપીપીશ્રીની તથા બચાવપક્ષ તરફે આરોપીઓના વિ.વ.શ્રીની ઔપચારિક મૌખિક દલીલો સાંભળી.

[૫] ફરીયાદીની ફરીયાદ હકીકત, રેકર્ડમાં રજૂ થયેલા તમામ મૌખિક/દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષના કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**-::મુદ્દા::-**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના મજકૂર આરોપી પોતાની ફોરવ્હીલ ગાડીમાં જોર જોરથી હોર્ણ મારતા હોય જેથી ફરીયાદીએ આરોપીને ઠપકો આપતા આરોપીને સારૂ નહી લાગતા ફરીયાદીને ગાળો આપી ડાબા હાથના ભાગે લોખંડની પાઇપ વડે મુંઢ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપી મહે.અધીક જિલ્લા મેજી.સાહેબશ્રી અમરેલીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ ગુનો કર્યા અંગેની ફરીયાદ ફરીયાદીએ નોંધાવતા, તપાસ કરનાર અધિકારીશ્રીએ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

[૬] પક્ષકારોની દલીલો, રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવો તેમજ કાયદાકીય જોગવાઇઓ ધ્યાને લેતાં, ઉપરોક્ત મુદ્દાઓના મારા જવાબો તથા કારણો નીચે મુજબ છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ.

[૭] ફરીયાદની હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદકીય જોગવાઇઓ તથા દલીલો ધ્યાનમાં લેતાં, ઉપરોક્ત મુદ્દાઓના જવાબ અંગેના મારા વિગતવારના કારણો તથા તારણો નીચે મુજબ છે.

<u>**-:: કારણો ::-**</u>

**મુદ્દા નં.૧ તથા ૨ ના કારણો :-**

[૭.૧] આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે ઉપર મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે તેમજ ફરીયાદી સોગંદ ઉપર જુબાની પણ આપેલ છે. આંક-૧૦ થી ફરીયાદી સાહેદ સોગંદ પરની પોતાની જુબાનીમાં ફરીયાદી પોતાની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ આજથી બે એક વર્ષ પહેલા બનેલો. આ કામના આરોપી મુકેશભાઇ જીવણભાઇ સબંધે તેમના કાકા થાય છે. બનાવના દીવસે સાંજના સમયે આરોપી મુકેશભાઇ તેમના ઘર પાસે વખતો વખત તેમની ફોરવ્હીલ ગાડી લઇને સતત હોર્ન વગાડીને આવતા જતા હોવાથી ફરીયાદીએ તેમને વારંવાર હોર્ન નહી વગાડવાનું કહેતા સારૂ નહી લાગતા ફરીયાદી અને આરોપી વચ્ચે થોડી માથાકુટ અને સામાન્ય બોલાચાલી ગયેલી. તે સીવાય બીજું કાંઇ બનેલ નહી. આ બોલાચાલીમાં ઝપાઝપી થતા પડી જવાથી તેમને ઇજા થયેલી. તેથી આવેશમાં આવી જઇને વંડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. તેમને ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં તેમની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. સદર ફરીયાદ આંક-૧૧ થી રજુ છે. આ કામના આરોપી તેમના કાકા થતા હોય તેમને નામદાર કોર્ટ બહાર આરોપી સાથે રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે. તેમને હવે આ કેસ ચલાવવો નથી.તેવુ જણાવે છે.સાહેદ હોસ્ટાઈલ થતા બાય કોર્ટ ઉલટતપાસ કરવા છતાં પણ તેમણે ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થાય તેવી કોઇ જ હકીકત જણાવેલ નથી. જો કે, ફરીયાદીની ઉલટતપાસ બચાવપક્ષ તરફે મજકૂર આરોપીના વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવતાં સદર ફરીયાદીએ કેટલીક હકીકતોનો સ્પષ્ટપણે સ્વીકાર કરી જણાવેલ છે કે, આરોપીઓ સાથે તેમને સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજું કાંઇ બનેલ નહીં આરોપીએ તેમને કાંઇ ઈજા પહોંચાડેલ નથી. ગાળો કે મુંઢ માર મારેલ નથી. ઉશકેરાટમાં આવી જઈ હાલની ફરીયાદ આપેલી. તેમને થયેલ ઈજા પડી જવાના કારણે ઈજા થયેલી, સારવાર કરાવવી પડેલ નથી. આરોપી પાસે લોખંડની પાઇપ જેવા કોઇ હથિયાર હતા નહી. આરોપી સાથે નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ છે. તેમને સારવાર કરાવવી પડેલ નથી. તેમને કેસ આગળ ચલાવવો નથી.

જો કે, પક્ષકારોની વચ્ચે નામદાર કોર્ટ બહાર રાજીખુશીથી સમાધાન થયેલ હોવાની હકીકત નામદાર કોર્ટના રેકર્ડ ઉપર આવેલ છે. જેથી, નામદાર કોર્ટ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૩૫૯ ની સ્પષ્ટ જોગવાઇઓ મુજબ સમાધાનલાયક ગુનાઓ પુરતું સમાધાન રેકર્ડ પર લઇ બિનસમાધાનલાયક ગુનાઓ માટે ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરેલ છે.

[૭.૨] આ કામે આંક-૧૨ વાળું ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આંક-૧૩ વાળા આરોપી અટક અંગેનુ પંચનામુ તથા તથા શરીર સ્થતી અંગેના પંચનામા બચાવપક્ષની સંમતિથી આંકે પાડવામાં આવેલ છે. પરંતું, સદરી તમામ

પંચનામાના સાહેદોને ફરીયાદપક્ષે તપાસેલા નથી. તેવાં સંજોગોમાં ગુન્હાવાળી જગ્યાનું પંચનામું તથા આરોપી અટક અંગેનું પંચનામું પુરવાર થયેલાનું માની શકાય તેમ નથી. વધુમાં, ઈજા પામનાર સાહેદોના મેડિકલ સર્ટીફીકેટ પણ બચાવપક્ષની સંમતિથી આંકે પાડવામાં આવેલ છે. પરંતુ, સદર કેસના ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં આરોપીએ ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ નથી. ઉલ્ટાનું, ઝપ્પા ઝપ્પીમાં પોતે પડી ગયેલા અને પડી જવાથી તેમને ઈજા થયેલ હોવાનું સ્વીકારેલ છે. જેથી, મેડિકલ સર્ટીફીકેટમાં જણાવેલ ઈજાઓ આરોપીઓએ કરેલ હોવાનું માની શકાય તેમ નથી.

[૮] આમ, ઉપરોક્ત પુરાવો નજર સમક્ષ રાખતાં આરોપીઓએ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની હકીકત સાબિત થતી ન હોઇ, આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય તેવા મૌખિક તથા સાંયોગિક પુરાવાના અભાવે તેમજ ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સફળ થયેલ ન હોઈ, મુદ્દા નં.૧ નો જવાબ "**નકાર**"માં આપીને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## -:: આખરી હુકમ ::-

૧. આથી, મજકૂર આરોપીઓને ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૭૧(૧)ની જોગવાઇ મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આપેલ જૂના જામીનખત રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓના ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૮૧ મુજબના જામીન લેવામાં આવેલ છે. જેનો અમલ હુકમની તારીખથી છ(૬) માસ સુધી અમલી રહેશે અને સમય પુરો થયેથી જામીન આપોઆપ રદ્દ થશે.

હુકમ આજ તા.૧૬.૦૬.૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સાવરકુંડલા
તારીખ : ૧૬.૦૬.૨૦૨૬

(મસ્કુરૂલ્લાહખાન ફિરોજખાન પઠાણ)
એડી. ચીફ. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
સાવરકુંડલા.
(UIC CODE No. GJ01236)